આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી



ચંદ્ર માંગલ્ય યોગ થાય છે.

ગુરુ-રાહુની યુતિ ચાંડાલ યોગ કરે છે.

રાહુ-કેતુની એક બાજુ બધા જ ગ્રહો આવતા હોઈ કાલસર્પ યોગ થાય છે.

આજે જન્મેલાં બાળકોની કાલસર્પ યોગ નિવારણ વિધા નર્મદા કિનારે ચાણોદ મુકામે જઈ કરવી.

મેષ શનિની અઢી વર્ષની પનોતી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ પૂરી થાય છે. સાતમે ચંદ્ર-માંગલ્ય યોગ થાય છે. પત્નીથી, ભાગીદારીથી લાભ થાય, લોકપ્રિયતા વધે.

વૃષભ આઠમે બુધ-શુક્રની યુતિથી તંદુરસ્તી જળવાઈ રહે. ગુપ્તધન વારસો મળવાના યોગો છે. સાતમે શનિ ભાગીદારો સાથે વિસંવાદિતા ઊભી કરાવે, વિવાદમાં ન ઉતરવું.

મિથુન પાંચમે ચંદ્ર માંગલ્ય યોગથી સંતાન તરફથી સુખ મળે. સંતાનની પ્રગતિ થાય, રાશિ ઉપર શુક્ર-બુધની દૃષ્ટિથી દિવસ આનંદમાં પસાર થાય, ધનલાભ થાય.

કર્ક ચોથે ચંદ્ર-માંગલ્ય યોગ માતા તરફથી આશીર્વાદ અને સુખ પ્રાપ્ત થવાનું સૂચવે છે. સાતમે સૂર્ય પત્ની તેમજ ભાગીદારોને ઉગ્રતા બક્ષે, તમારે સંયમ જાળવવો.

સિંહ શનિની અઢી વર્ષની પનોતી તા. ૨૬-૧-૨૦૧૬ના રોજ પૂરી થાય છે. બારમે રાહુ-ગુરુનો ચાંડાલ યોગ થાય છે, ત્રીજે માંગલ્ય યોગ થાય છે, મિશ્રફળ પ્રાપ્ત થાય.

કન્યા રાહુ બારમા સ્થાનમાં ગુરુ સાથે ગયેલ છે, તેથી હવે તમોને રાહુના ભ્રમણને કારણે પડેલ મુશ્કેલીઓમાં ઘણી રાહત થશે. બીજે ચંદ્ર-માંગલ્ય યોગ સુખ અપાવે.

તુલા શનિની સાડાસાતી પનોતી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ પૂરી થાય છે, આપની રાશિમાં ચંદ્ર માંગલ્ય યોગ થાય છે, જે તમારા ભાગ્યને અને લાભને પ્રબળ કરે છે, ફાયદો થાય.

વૃશ્ચિક તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ શનિની પનોતીના પાંચવર્ષ પૂરા થશે. બીજે શુક્ર-બુધની યુતિ સારી છે, તંદુરસ્તી બક્ષે, આયુષ્ય વધારે. આનંદમાં દિવસ પસાર થાય.

ધન તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ શનિની પનોતીના પ્રથમ અઢી વર્ષ પુરાં થશે. બારમે શનિ તમને ખોટા વિચારો આપે પરંતુ રાશિમાં બુધ-શુક્ર મિશ્રફળ આપે.

મકર રાશિમાં ચંદ્ર ઉપર સૂર્યનું ભ્રમણ જાન અને આત્માનું મિલન કરાવે છે. આધ્યાત્મિક વિચારોથી ઘેરાયેલા રહો, ભક્તિમય દિવસ પસાર કરવો.

કુંભ પ્રબળ ભાગ્યયોગ, ચંદ્ર માંગલ્ય યોગના કારણે તમને લાભ થવાના સમાચાર દિવસ દરમ્યાન મળે, જમીન મકાનનો પ્રશ્ન હોય તો ઉકલી જાય.

મીન સંતાન અંગેના પ્રશ્નો હોય તો સમજાવટથી ઉકલી શકશે. વાદ-વિવાદમાં ઉતર્યા સિવાય શાંતિથી પ્રશ્નોનું નિરાકરણ લાવવાના પ્રયાસ કરશો તો સફળ થશો.

આગામી વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર ફરી ગુજકોક સુધારા વિધેયક લાવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકાર દ્વારા આગામી અંદાજપત્ર સત્રમાં ફરીને સુધારા ગુજકોક બીલને રજુ કરનાર હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત સરકાર દ્વારા ગત વિધાનસભા સત્રમાં ગુજકોકસીટ બીલને પસાર કરીને રાષ્ટ્રપતિની મંજુરી અર્થે મોકલી આપવામાં આવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા આ બીલને રાષ્ટ્રપતિની મંજુરી અર્થે મોકલ્યુ હતુ જો કે કોઈ કારણોસર ગૃહ મંત્રાલયે આ બીલ પાછુ ખેંચીને બીલની જોગવાઈમાં કેટલાક સુધારાઓ કરવાની ભલામણ સાથે રાજ્ય સરકારને પરત મોકલવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ફેબ્રુઆરીના અંત ભાગમાં ગુજરાત વિધાનસભા અંદાજપત્ર સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આ સત્ર દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા આ ગુજકોસીટ બીલ સુધારા સાથે રજુ કરીને પસાર કરીને ફરીને કેન્દ્ર સરકારને મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જો કે વિપક્ષ કોંગ્રેસ દ્વારા આ બીલનો વિરોધ કરવામાં આવ્યો છે અને આ બીલને પડતુ મુકવાની માંગણી કરવામાં આવી રહી છે.

ગાંધી આશ્રમમાં વિદેશી પ્રવાસીઓએ નવા કરતબો બતાવીને વિદ્યાર્થીઓને રોમાંચિત કરી દીધા હતા.

પાટીદાર આગેવાનોને કોર્ટમાં રજૂ કરાયા

સુરક્ષાના કારણોસર હાર્દિક પટેલને રજૂ ન કરાયો : અમદાવાદ મેટ્રો કોર્ટમાં સઘન સલામતી રાખવામાં આવી

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને જગાવનાર પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર તેમજ રાજદ્રોહના ગુના હેઠળ પકડાયેલા

ગુજરાત સરકારને હચમચાવી મુકનાર અને દેશભરમાં ચર્ચા

હાર્દિક પટેલને સુરક્ષા કારણોસર અમદાવાદની કોર્ટમાં રજૂ કરી

હાર્દિક પટેલને સુરક્ષા કારણોસર અમદાવાદની કોર્ટમાં રજૂ કરી શકાયો ન હતો. જો કે તેના સાથીઓને રજૂ કરવામાં આવ્યા હતા. કેતન, ચિરાગ અને દિનેશ પટેલને સાબરમતી જેલમાંથી સઘન સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરાયા હતા અને

તેમને ચાર્જશીટની નકલ આપવામાં આવી હતી. બીજી બાજુ સુરતની લાજપોર જેલમાં રહેલા હાર્દિકને સુરક્ષાના કારણોસર રજૂ કરી શકાયો ન હતો. પાટીદાર લીડરોને કોર્ટમાં રજૂ કરવામાં આવનાર હોવાથી સુરક્ષા વધારવામાં આવી હતી. હાર્દિક પેટલને રજૂ કરનાર હોવાથી કાઈમ બ્રાંચ અને કારંજ પોલીસને મેટ્રો કોર્ટમાં બંદોબસ્તમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી હતી. ઉટલું જ નહીં આઈબીના અધિકારીઓ સવારથી કોર્ટમાં વોચ રાખવા હાજર રહ્યા હતા. પાટીદાર અનામત આંદોલનમાં હાર્દિક પેટલ, ચિરાગ પટેલ, કેતન પટેલ અને દિનેશની રાજદ્રોહ સહિતના ગુનામાં કાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરીને રિમાન્ડ મેળવાયા હતા. કાઈમ બ્રાંચ દ્વારા પુરાવા એકત્ર કરીને ચારેય આરોપીઓ સામે મેટ્રો કોર્ટમાં ૧૮મી જાન્યુઆરીના રોજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટ દ્વારા હાર્દિક પટેલને ૩૦મી જાન્યુઆરીના રોજ મેટ્રો કોર્ટમાં રજૂ કરવા માટે જેલ સત્તાવાળાઓને પત્ર મોકલાયો હતો.

૩૦મી જાન્યુઆરીના રોજ હાજર રાખવા માટે જાણ કરવામાં આવી હતી. સુરત પોલીસે હાર્દિક પટેલની સલામતીના કારણસર મેટ્રો પોલિટન કોર્ટમાં રજૂ કર્યો ન હતો. જ્યારે હાર્દિકના સાથી કેતન પટેલ, ચિરાગ પટેલ અને દિનેશને કોર્ટમાં રજૂ કરાતા ૨૭૦૦ પાનાની ચાર્જશીટની નકલ આપવામાં આવી હતી જ્યારે હાર્દિક પટેલને કોર્ટમાં હાજર રાખવા માટે કોર્ટે કાઈમ બ્રાંચને તાકીદ કરી હતી.

૨૭ નગરપાલિકાઓ માટે પ્રદેશ ભાજપ દ્વારા ઉમેદવારી પસંદગી પ્રક્રિયા પૂર્ણ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યની ૨૭ નગરપાલિકાઓ માટે ઉમેદવારોની પેનલ યાદી આખરી કરી દેવામાં આવી છે અને આગામી સપ્તાહમાં ફરી મળનારી બેઠકમાં આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

૨૭ નગરપાલિકાઓ માટે ઉમેદવારોની પસંદગી માટે છેલ્લા બે દિવસથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર ચાલુ રહ્યો હતો. બે દિવસની મેરેથોન બેઠકમાં શહેરના આગેવાનો નિરીક્ષકો સાથે સંભવિત ઉમેદવારોના નામો ઉપર ચર્ચા વિચારણા કરીને સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે બીજા દિવસે તમામ ૨૭ નગરપાલિકાઓ માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલમાં પેનલ યાદી તૈયાર કરવામાં આવી છે. આગામી સપ્તાહમાં ફરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે જેમાં આખરી પસંદગી કરીને ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

તાજેતરમાં યોજાયેલી જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં મળેલા કારમા પરાજય બાદ હવે આગામી મહિનામાં યોજાનારી ૨૭ નગરપાલિકાઓ વિજય મેળવવા માટે આ વખતે ભાજપે આક્રમક વ્યૂહરચના ઘડી કાઢીને એડીચોટીનું જોર લગાવવા માટે ચૂંટણી પ્રચાર વ્યૂહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મુખ્યમંત્રી સાથે બિહારના રાજ્યપાલની વિસ્તૃત ચર્ચા

નવીદિલ્હી,તા. ૩૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ગાંધીનગર ખાતે બિહારના રાજ્યપાલ રામનાથ કોવિંદે સૌજન્ય મુલાકાત લીધી હતી. આનંદીબેન પટેલે બિહારના રાજ્યપાલ કોવિંદને દેશના બાર જ્યોર્તિલીંગોમાના પ્રથમ એવા ગુજરાતના સોમનાથ મંદિરની પ્રતિકૃત્તિની તસવીર સૌજન્ય મુલાકાત વેળાએ ભેટ આપી હતી.

ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીનું પ્રમાણ સતત વધ્યું

મોડી રાત સુધી પંખા તેમજ એસી ચલાવાયા

ગાંધીનગર,તા. ૩૦

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ એકાએક સતત વધી રહ્યું છે. ગઈકાલની સરખામણીમાં આજે અમદાવાદ શહેરમાં તાપમાનમાં વધુ વધારો થયો હતો અને સવારથી જ લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. મોડી સાંજ સુધી લોકોને પંખા અને એસી ચલાવવાની ફરજ પડી હતી. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૫.૯ ડિગ્રી નોંધાયું હતું જે ગઈકાલે નોંધાયેલા ૧૪.૫ ડિગ્રીની સરખામણીમાં વધારે છે. બીજી બાજુ અન્યત્ર જગ્યાઓ ઉપર પણ લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. ગાંધીનગરમાં તાપમાન વધીને ૧૫.૮ સુધી પહોંચી ગયું છે. તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે જેના કારણે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. કેટલાક લોકો એમ પણ માની રહ્યા છે કે, હવે ઠંડીનો અનુભવ થશે નહીં અને ગરમીનું પ્રમાણ વધતું રહેશે જ્યારે કેટલાક લોકો એમ પણ માને છે કે, વચ્ચે ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારના લીધે મોટી વયના લોકો અને બાળકોને વધારે મુશ્કેલી થઈ રહી છે. બિમારીની સિઝન હાલમાં ચાલી રહી છે. જેના લીધે બાળકો અને મોટી વયના લોકો વધારે સકંજામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં હાલ સુધારો નહીં થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તાપમાનમાં સતત વધારા વચ્ચે હવામાન વિભાગે કહ્યું છે કે, હાલમાં નિચલી સપાટી ઉપર પવનો ફુંકાઈ રહ્યા છે જેથી તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ઓછા તાપમાનની કોઈ ચેતવણી જારી કરાઈ નથી.

રૂપપુરા ગામે મકાનમાં તસ્કરો ત્રાટક્યા

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના રૂપપુરા ગામની સીમમાં આવેલ એક મકાનમાં રાત્રી દરમ્યાન તસ્કરો ત્રાટકતા રોકડ રકમ સહિત કુલ ૪૯ હજારની મત્તાની ચોરી થતાં મકાનમાલિક દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ નજીક આવેલ રૂપપુરા ગામે ગુરૂવારના રોજ રાત્રીના સમયે ખેતરમાં આવેલ અરવિંદસિંહ ચંપકસિંહ રાઠોડના મકાનમાં બારી તોડી તસ્કરો દ્વારા ઘરમાં પ્રવેશ કરી ઘરમાં રહેલ સામાન વેરવિખેર કરી તિજોરીના તાળા તોડી અંદરથી ૨૭ હજારના સોના-ચાંદીના દાગીના તથા ૨૦ હજાર રોકડા બે મોબાઈલ જેની કિંમત ૨૫ હજાર સહિત કુલ ૪૯ હજારની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થતાં મકાન માલિક અરવિંદસિંહ ચંપકસિંહ રાઠોડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કોંગ્રેસી ધારાસભ્ય અમિત ચાવડાને આદર્શ વિધાયક એવોર્ડ

અમદાવાદ, તા.૩૦

યુવાનો થકી લોકશાહીને મજબુત બનાવવાના ઉદ્દેશ્ય ઉપરાંત દેશભરના યુવા ધારાસભ્યો, સાંસદોની કામગીરીનું વિવિધ માપદંડો દ્વારા સર્વે કરી શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રજાના પ્રતિનિધિને ભારતીય છાત્ર સાંસદ દ્વારા આદર્શ વિધાયક પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. જેમાં ગુજરાત રાજયના આંકલાવના યુવા કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાની એકમાત્ર પસંદગી કરી પુના ખાતે સર્વોચ્ચ એવોર્ડ એનાયત કરી બહુમાન કરાયું છે. બોરસદ વિધાનસભાની પેટાચૂંટણીથી અમિત ચાવડાએ કારકિર્દી શરૂ કરી જાહેર જીવનમાં પ્રજાલક્ષી કાર્યોમાં દિવસ રાત સતત વ્યસ્ત રહી પ્રજાહ્રદયમાં પ્રબળ લોકચાહના પ્રાપ્ત કરી છે. સ્થાનિક વિસ્તારના પ્રશ્નોની વિધાનસભા ગૃહમાં સબળ અને ઉગ્ર રજુઆત ઉપરાંત વિરોધપક્ષમાં હોવા છતાં પોતાના વિસ્તારમાં વિકાસકામો પૂર્ણ કરવામાં અગ્રેસર રહ્યા હોઈ મત વિસ્તારમાં લોકલાડીલા નેતા તરીકે ઉભરી આવ્યા છે. તેઓ હાલમાં આંકલાવ વિધાનસભા મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હોવા ઉપરાંત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં વાઈસ ચેરમેનનો હોદ્દો સંભાળી રહ્યા છે. શિક્ષણ સાથે પણ નાતો રહ્યો હોઈ સ્થાનિક શૈક્ષણિક ટ્રસ્ટમાં સક્રિય રહીને સમયાંતરે શિક્ષણલક્ષી સમસ્યાઓ પ્રશ્નો ઉકેલવામાં પણ તેઓની મહત્વની ભૂમિકા રહી છે.

મોદરસુંબાના પરણીત યુવકને બીજા લગ્ન કરવાનુ શૂરતાન ચડતા પત્નિને મારઝૂડ કરી ઘરમાંથી હાંકી કાઢી

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોદરસુંબા ગામમાં પરણીત યુવકને અન્ય યુવતિ સાથે લગ્નેતર સંબંધો બંધાતા કે પછી બીજા લગ્ન કરવાનુ શૂરતાન ચડતા તેની પત્નિને છુટાછેડાના કાગળ પર સહિ કરવા દબાણ કરી મારઝૂડ કરતા પિડિત મહિલાએ તેના પતિ અને દિયર, સાસુ સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના મોદરસુંબા ગામમાં રહેતા કનુભાઈ નગીનભાઈ ઢુંસાના લગ્ન ચંદ્રિકાબેન નગીનભાઈ સાથે થયા હતા અને સુખરૂપ દામ્પત્ય જીવન ગુજારતા હતા, પરંતુ અચાનક ચંદ્રિકાબેનના પતિ કનુભાઈ નગિનભાઈ ઢુંસાને બીજા લગ્ન કરવાનું શૂરતાન ચડતા તેમની પત્નિ સાથે વારંવાર મારઝૂડ કરતા હતા. બંધ મોઢાએ સહન કરતી પતિના અત્યાચારમાં તેના પતિને તેની માતા જીવીબેન નગીનભાઈ ઢુંસા અને તેના નાનાભાઈ જીગ્નેશ નગીન ઢુંસા તેના ગુન્હાહિત કાવતરામાં સાથ આપતા ચંદ્રિકાબેનને ત્રણેય જણા ભેગા મળી ગડદાપાટુનો માર મારી છુટાછેડાના કાગળમાં સહિ કરી આપવા જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મુકતા નોંધારી બનેલી પરણીત મહિલાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ અને દિયર સામે ફરીયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે પરણીતાની ફરીયાદ ઈ.પી.કો. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬/૨, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેરેથન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલ્પતરૂ મેરેથન દોડમાં ૨૧૦૦ નાગરિકો જોડાશે.

ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા શહેરમાં પ્રથમવાર કલ્પતરૂ મેરેથન દોડનુ આયોજન કરવામાં આવ્યુ છે. હદય રોગની બિમારીથી પીડાતા બાળકોને મદદરૂપ થવા તેમજ નાગરિકોમાં આરોગ્ય અંગે જાગૃતિ કેળવાય તે માટે યોજાનારી આ દોડમાં હાફ મેરેથન તેમજ ડ્રીમ દોડ તેમ બે કેટેગરીમાં કુલ ૨૧૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે. ઘ-૫ ઓપન એર થિયેટર પાસેથી સવારે ૬ કલાકે મેરેથન દોડનો પ્રારંભ થશે. જેમાં ૨૧ કીમીની હાફ મેરેથનમાં ૭૭૫ અને ડ્રીમ રૂટની દોડમાં ૧૪૦૦ સ્પર્ધકો ભાગ લેશે. આ તમામને આજે સ્ટાફ ટ્રેનિગ કોલેજ ખાતે જરૂરી કીટનુ વિતરણ કરી દેવામાં આવ્યુ છે. આયોજકો દ્વારા વિજેતા સ્પર્ધકોને ઈનામો પણ એનાયત કરવામાં આવશે. જયારે દોડમાં ભાગ લેનારા પ્રત્યેક સ્પર્ધકની હીલચાલ પર નજર રાખી શકાય તે માટે આયોજકો દ્વારા આર એફ આઈ ડી સિસ્ટમ પણ લગાવામાં આવી છે. જેને અનુલક્ષી ઘ:૫,ઘ:૬,ગ:૫ મહાત્મા મંદિર તેમજ આર ટી ઓ કચેરી પાસે આ ડીવાઈસ ફીટ કરવામાં આવ્યા છે. જયારે આ માટે પ્રત્યેક સ્પર્ધકોને કીટ સાથે ચીપ પણ આપવામાં આવી છે. જેના આધારે આ સિસ્ટમથી સ્પર્ધકોની દોડનો રૂટ ,સમય સહીતની હીલચાલ પર સતત નજર રાખવામાં આવશે. રેડીયો ફ્રીકવન્સી આઈ ડી સિસ્ટમના આધારે પરિણામની પ્રક્રીયા પણ પારદર્શક રહેશે.

મતદારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૫,૬૭,૭૬૫ મતદારો ૪૦ વર્ષથી ઓછી વયના છે. જેમાં ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૫૯,૧૫૩ છે, જ્યારે ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૮૪,૨૨૭ છે.

જિલ્લામાં ૪૦ થી ૪૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૨૪,૭૪૩ છે જ્યારે ૫૦ થી ૫૯ વર્ષના ૧,૬૭,૧૧૦ મતદારો, ૬૦ થી ૬૯ વર્ષની આયુ ધરાવતા મતદારો ૯૭,૦૨૯ અને ૭૦ થી ૭૯ વર્ષની આયુ ધરાવતા ૪૯,૧૮૬ મતદારો છે.

૮૦ વર્ષથી વધુ વય ધરાવતા મતદારોની સંખ્યા ૧૭,૬૨૦ છે. આમ જિલ્લામાં યુવા મતદારોની સંખ્યા સૌથી વધુ છે. જિલ્લામાં મતદાર યાદી અંગેની જાગૃતતા પણ જોવા મળી છે. જિલ્લામાં ૧૦૦ ટકા મતદારો એપિક કાર્ડ ધરાવે છે. હવે જિલ્લાની પાંચેય વિધાનસભાની મતદારયાદી ફોટાવાળી હશે.

જીવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એજન્સી દ્વારા સર્વેનું કામ શરૂ કરવામાં આવ્યું છે અને ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ૬૫ હજાર જેટલા પરિવારોને સર્વે હેઠળ આવરી લઈ તેનો અહેવાલ તૈયાર કરાશે એટલું જ નહિ પણ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટનો ઉપયોગ આ પરિવારોના ઉત્થાન માટે કરવામાં અગ્રતા અપાશે.

મળતી વિગતો પ્રમાણે વંચિત પરિવાર નિયત કરવા માટે સાત જેટલા માપદંડ પણ રખાયા છે. જેમાં કુટુંબનું આવાસ કાચી દિવાલ અને કાચી છતવાળા માત્ર એક રૂમ ધરાવતા હોય, કુટુંબમાં ૧૬ થી ૫૯ વર્ષની ઉમર ધરાવતા કોઈ પુખ્ત સભ્ય ન હોય, કુટુંબના વડા સ્ત્રી હોય અને ૧૬ થી ૫૯ વર્ષની ઉંમરના પુખ્ત પુરૂષ સભ્ય ન હોય તેવા કુટુંબો, કુટુંબમાં ખોડખાંપણ ધરાવતા સભ્યો હોય અને કોઈપણ સશક્ત શરીર ધરાવતા પુખ્ત સભ્ય ન હોય તેવા કુટુંબો, જમીન વિહોણા કુટુંબો કે જેઓની આવકનો મોટો ભાગ છૂટક શારીરિક મજૂરી દ્વારા મળતો હોય.

મળતી વિગતો પ્રમાણે છુટક શારીરિક મજૂરી દ્વારા આવક મેળવતા જમીન વિહોણા કુટુંબોની સંખ્યા જિલ્લામાં ૫૫,૨૦૮ જેટલી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ અંગેના સર્વે માટે એક વિસ્તૃત ફોર્મ પણ તૈયાર કરી અને દરેક ગામે પહોંચતા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિતરણની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે. હવે તાલુકા કક્ષાએ આ ફોર્મ ભરાઈને આવશે અને પછી તે જિલ્લા કક્ષાએ લેવાશે.

જિલ્લામાં પહેલીવાર આ પ્રકારનો સર્વે હાથ ધરાઈ રહ્યો હોવાથી બધાને જરૂરી તાલીમ પણ આપી દેવામાં આવી છે.

જિલ્લામાં ૫૩૪ પરિવારો એવા છે જેઓ આપોઆપ વંચિતની કેટેગરીમાં સમાવી લેવાયા હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

અભ્યાસક્રમ બનાવ્યો છે એમના જેવા જ બધા શિક્ષકો વિદ્વાન હોય. શક્ય છે કે કયાંક શિક્ષકો આ અભ્યાસક્રમને યોગ્ય રીતે ના પણ સમજાવતા હોય. તો એ જે તે સ્કૂલના આચાર્યએ અને પછી વાલીઓએ જાગૃત રહીને આનો ઉકેલ લાવવાનો હોય છે.

આપણે આપણા બાળકને અંગ્રેજીના મોહમાં ગુજરાતી જેવી મીઠી માતૃભાષાથી અલિપ્ત રાખીને પડોશી ભાષાને પ્રેમ કરતાં શીખવીએ છીએ. પછી એ બાળક મોટું થઈને માતા પિતાને વૃદ્ધાશ્રમમાં ના મૂકે તો જ નવાઈ કહેવાય. કેમ કે ગુજરાતીમાં આપણને નરસિંહ મહેતા કે વૈષ્ણવ જનના સંસ્કાર આપે છે તે શૈલી કે કિટ્સ આપી શકતા નથી.

તો આવો આપણે સૌ સાથે મળીને ગુજરાતી ભાષાનું ગૌરવ વધારીએ. અને ધોરણ બાર સુધી તો ગુજરાતી માધ્યમમાં જ આપણા સંતાનોને અભ્યાસ કરાવીએ એને સંસ્કારી બનાવવામાં નિમિત બનીએ કેમ કે જે સંસ્કાર આપણે આપણા સંસ્કાર સંતાનોને નથી આપી શકતા એ સંસ્કાર આપણી ભાષાની આ ઉત્તમ કૃતિઓમાંથી એમને મળે છે.

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

બનતું શિક્ષણ, પરિવારોનું અવ્વલ રહેવાનું દબાણ, માંડ માંડ મળતી સરકારી નોકરીઓ , ખાનગી ક્ષેત્રમાં અપાર શોષણ જેવા વિકરાળ દબાણોની સાથેસાથે સમાજની એવી માનસિકતા કે સતત સફળ રહેવું . આવામાં નિષ્ફળ રહેનાર માટે એક જ રસ્તો બચે છે ...આત્મહત્યા ...અને યાદ આવી જાય થ્રી ઈડીયટ ફિલ્મનો પેલો ફેમસ ડાયલોગ "યે આત્મહત્યા નહિ મગર હત્યા હૈ , ક્યુકી પ્રેશર ગલે પે નહિ મગર દિમાગ પર થા"!!!

(akurjt@gmail.com)

વિસામો : ૨૦૦૧માં સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ માટે બનેલા ગીતની એક પંક્તિનો અર્થ હતો : "શિક્ષણથી જીવવાનું કારણ મળે છે ..." ... અફસોસ ત્યારે થાય કે આ જ શિક્ષણ મોતનું પણ કારણ બની જાય.

સુધારો

બાળ વિકાસ યોજના અધિકારીશ્રી આઈસીડીએસ શાખા ઘટક-૧ ગાંધીનગર દ્વારા તા. ૧૯/૧/૨૦૧૬ના રોજ ગાંધીનગર સમાચાર દૈનિક પત્રકમાં આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે. જેમાં કાર્યકરની ખાલી જગ્યા ગાંધીનગર ઘટક-૧માં અનુક્રમ નંબર-૪ પછી (૫) સેક્ટર-૧૩/ (બીજ નિગમ છાપરા વૉર્ડ નં.૭ અને (૬) જી.ઈ.બી.-૩ સ્મશાન છાપરા એમ ઉમેરીને વાંચવું.

માહિતી/૨૪૫૦/૨૦૧૫-૧૬